| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૧.૦° સે. | ૨૬.૦° સે. |
| આહવા | ૩૧.૦° સે. | ૨૩.૦° સે. |
| વલસાડ | ૩૨.૦° સે. | ૨૭.૦° સે. |
| વાપી | ૩૨.૦° સે. | ૨૭.૦° સે. |

# નવસારી-વલસાડ-વાપી

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૭૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫




# નવસારીમાં મૂર્તિઓ બહાર આવી ગઈ



**પૂર્ણા** નદીમાં ગણપતિનું વિસર્જન થતું હતું ત્યારે તંત્ર શું કરતું હતું?

**કુદરતી** સ્ત્રોતોમાં વિસર્જન પર સુપ્રીમે પ્રતિબંધ મૂક્યો છે

નવસારીઃ ગણપતિ બાપ્પાની ભક્તિ અને જયઘોષ સાથે નવસારી પંથકમાં ગણેશોત્સવની પૂર્ણાહુતિ થઈ, પરંતુ વિસર્જનના બીજા દિવસે વીરાવળ પૂર્ણા નદીના કાંઠે જોવા મળેલા દશ્યે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. વિસર્જન બાદ પાણીનું સ્તર ઘટતાં નદીના પટમાં કેટલીક વિશાળ ગણેશ પ્રતિમાઓ ફરી નજરે પડતાં વહેલી સવારથી જ સ્થાનિકોમાં ભારે કુતૂહલ સર્જાયું હતું.

નવસારી પંથકમાં વીરાવળ-એરૂ, ધારાગીરી, જલાલપોર અને દાંડી દરિયાકિનારા સહિતના વિસર્જન સ્થળોએ કુલ ૫,૦૨૪ ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. તેમાં ૪,૫૩૪ નાની અને ૪૯૦ મોટી પ્રતિમાઓનો સમાવેશ થાય છે. વિસર્જન યાત્રાના અંતિમ તબક્કામાં અંબિકા ચોકની વિશાળ શ્રીજી પ્રતિમાનું પણ વીરાવળ પૂર્ણા નદીમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

વિસર્જન પૂર્ણ થયા બાદ વહેલી સવારે પૂર્ણા નદીમાં પાણીનો પ્રવાહ ઓછો થતાં કેટલીક મોટી પ્રતિમાઓ પાણી સાથે વહીને કિનારા તરફ આવી અટકી હતી. નદીકાંઠે વિશાળ પ્રતિમાઓ દેખાતાં ઘટનાની જાણ આસપાસના વિસ્તારોમાં ઝડપથી પ્રસરી હતી. પરિણામે સવારના સમયે સ્થાનિક નગરજનો અને ભાવિકો આ અનોખું દશ્ય જોવા માટે પૂર્ણા કાંઠે પહોંચ્યા હતા.

જોકે, બપોર બાદ દરિયાઈ ભરતી શરૂ થતાં પૂર્ણા નદીમાં પાણીનો પ્રવાહ વધ્યો હતો. જળસ્તર ઊંચું થતાં કિનારે અટવાયેલી પ્રતિમાઓ ફરી પાણીમાં સમાઈ ગઈ હતી અને થોડા સમય પહેલાં દેખાતું દશ્ય અચાનક ઓઝલ થઈ ગયું હતું.

## નવસારી મહાનગર પાલિકાના અધિકારીઓ સફાઇ પણ કરાવી શકતા નથી



નવસારીઃ ગણેશોત્સવની પૂર્ણાહુતિ બાદ નવસારીના પૂર્ણા નદી કિનારે સ્વચ્છતા વ્યવસ્થાની વાસ્તવિક સ્થિતિ સામે આવી છે. ગણેશજીની મૂર્તિના વિસર્જન દરમિયાન ભક્તો દ્વારા અર્પણ કરવામાં આવેલા ફૂલહાર, પૂજાપો અને અન્ય સામગ્રી એકત્રિત કરવા માટે ઓવારે મુકવામાં આવેલા ટ્રેક્ટરો વિસર્જન બાદ પણ સ્થળ પર જ જોવા મળતાં સફાઈ કામગીરીની ગતિ સામે સવાલો ઊભા થયા છે. પૂજાપાનો સમયસર ઉપાડ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ ન થવાના કારણે નદીકાંઠાના કેટલાક વિસ્તારોમાં કચરાના ઢગલા જોવા મળ્યા હતા. ગણેશોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પૂર્ણા નદીના ઓવારે પહોંચતા હોય છે. આવી સ્થિતિમાં વિસર્જન બાદ તરત જ સફાઈ કામગીરી પૂર્ણ કરી નદીકાંઠો સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવવો જરૂરી બને છે. જોકે, વિસર્જન પછી પણ પૂજાપાની સામગ્રી સ્થળ પર જ પડેલી રહેતાં પાલિકાની આયોજનબદ્ધ સફાઈ વ્યવસ્થા અંગે ચર્ચા શરૂ થઈ છે. મહાનગરપાલિકા દ્વારા પૂજાપાના કચરામાંથી ખાતર સહિતની ઉપયોગી વસ્તુઓ બનાવવાની કામગીરી કરવામાં આવતી હોવાના દાવા વચ્ચે સ્થળ પર જોવા મળેલા દ્રશ્યો વ્યવસ્થાના અમલ અંગે અલગ જ ચિત્ર રજૂ કરી રહ્યા છે.







# પારડીમાં બે મહિલાના મોત નીપજાવનાર ચાલક ઝડપાયો

**વલ્લભ** આશ્રમ સ્કૂલની પાછળ અકસ્માત કરી ફરાર થયો પરંતુ અતુલમાં પકડાઇ ગયો

પારડી : પારડી નેશનલ હાઇવે નંબર ૪૮ પર વલ્લભ આશ્રમ સ્કૂલની સામે એક પૂરપાટ ઝડપે આવતા કન્ટેનરે એક્સેસ મોપેડને જોરદાર ટક્કર મારતાં બે મહિલાઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મોટી ચણવઇ, દેસાઇવાડ ફળિયાના રહેવાસી શારદાબેન રમણભાઇ મૈસુરીયા (ઉં.વ. ૬૨) અને તેમના કૌટુંબિક ભત્રીજાની પત્ની ચેતનાબેન રાકેશભાઇ મૈસુરીયા (ઉં.વ. ૩૯) પોતાના એક્સેસ મોપેડ (નંબરઃ GJ-15-DF-6213) પર સવાર થઇને પારડી ખાતે જઇ રહ્યા હતા. આ બનાવમાં પોલીસે કન્ટેનર ચાલકની ધરપકડ કરી છે.

દરમિયાન, વાપીથી વલસાડ તરફ જતા રોડ પર નેશનલ હાઇવે-૪૮ પર વલ્લભ આશ્રમ સ્કૂલ સામે, પાછળથી પૂરઝડપે અને બેફિકરાઇથી આવી રહેલા એક કન્ટેનર (નંબરઃ RJ-36-GB-1430) ના ચાલકે મોપેડને જોરદાર અડફેટે લીધું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે બંને મહિલાઓ રોડ પર ફેંકાઇ ગઇ હતી અને કન્ટેનર અડફેટે બંનેના સ્થળ પર જ મોત થયા હતા. અકસ્માત સર્જ્યા બાદ કન્ટેનર ચાલકે ઊભા રહેવાને બદલે પોતાનું વાહન ભગાવીને નાસી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, ભાગી રહેલા કન્ટેનર ચાલક ને અતુલ પાસેથી ઝડપી પાડ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ પારડી પોલીસ પીઆઇ વાય. બી. ગોહિલ, ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે ગંભીર અકસ્માત સર્જી ભાગી છૂટવાનો પ્રયાસ કરી રહેલા કન્ટેનર ચાલક ગણેશ રામસુખ ગુર્જર (રહે. અજમેર, રાજસ્થાન)ને ઝડપી પાડ્યો છે.

# ૩૨ ડિગ્રી તાપમાન છતાં નવસારીમાં ભારે ઉકળાટ

**૯૬%** ભેજે વધાર્યો બફારો, ધીમી પવન ગતિથી લોકો અકળાયા

નવસારીઃ નવસારીમાં સપ્ટેમ્બર અંત તરફ હવામાનમાં પલટો જોવા મળી રહ્યો છે. મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રીની આસપાસ રહેવા છતાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ અસામાન્ય રીતે ઊંચું રહેતાં ગરમી કરતાં બફારાની અસર વધુ અનુભવાઈ હતી. નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના તા. ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૬ના આંકડા મુજબ મહત્તમ તાપમાન ૩૨.૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

સવારથી જ હવામાં ભેજનું પ્રમાણ ખૂબ ઊંચું રહ્યું હતું. સવારના સમયે સાપેક્ષ ભેજ ૯૬ ટકા સુધી પહોંચ્યો હતો, જ્યારે સાંજના સમયે પણ તે ૮૩ ટકા જેટલો રહ્યો હતો. ભેજનું ઊંચું પ્રમાણ અને પવનની ધીમી ગતિના સંયોજનથી વાતાવરણમાં ચીકાશભર્યો ઉકળાટ સર્જાયો હતો. પરિણામે શહેરથી લઈને ગ્રામ્ય વિસ્તારો સુધી લોકોને બફારાથી રાહત મળતી ન હતી.

દિવસ દરમિયાન પવનની ગતિ માત્ર ૫.૮ કિલોમીટર પ્રતિ કલાક રહી હતી અને પવન દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી ફૂંકાયો હતો. પવનની ગતિ ઓછી રહેતાં વાતાવરણમાં ભેજની અસર વધુ સમય સુધી યથાવત રહી હતી. વાદળછાયા આકાશ વચ્ચે પણ ઠંડકનો અનુભવ થવાને બદલે લોકો અકળામણ અનુભવતા જોવા મળ્યા હતા.

## નવસારીની દેવજી બેગની દુકાનમાં આગ




નવસારીઃ બપોરે આશરે ૧:૩૦ વાગ્યે દેવજી બેગની દુકાનમાં અચાનક આગ ફાટી નીકળતાં અફરાતફરી મચી હતી. પ્રાથમિક માહિતી મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. જાણ થતાં ફાયર બ્રિગેડની એક ફાયર ફાયટર સાથે છ જેટલા જવાનો તાત્કાલિક સ્થળે પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. ફાયર ટીમની સમયસર કામગીરીથી આગ આસપાસની દુકાનો સુધી ફેલાતી અટકતાં મોટી દુર્ઘટના ટળી હતી. બનાવમાં થયેલા નુકસાન અંગે વધુ વિગતો મેળવવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# ૧૧ હજાર કિલો ગુલાલથી વિજલપોરનો રસ્તો રંગાયો

**બીજા** જ દિવસે યુવાનો પાવડા લઈને સફાઈમાં ઊતર્યા



નવસારીઃ વિજલપોરના અંબાજી નગરમાં ગણેશ વિસર્જન પ્રસંગે યોજાયેલ ગુલાલોત્સવ ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. શિવરાણા ક્ષત્રિય ગ્રુપના યુવાનો દ્વારા અંદાજે ૧૧ હજાર કિલો ગુલાલ ઉડાવવામાં આવ્યો હતો. ડીજેના તાલે જેસીબી મશીન વડે હવામાં ગુલાલ ઉડાવવામાં આવતા સમગ્ર માર્ગ ગુલાલથી રંગાઈ ગયો હતો અને આ દૃશ્ય નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

સ્થિતિને ધ્યાનમાં લઈ કાર્યક્રમના બીજા જ દિવસે સવારે સ્થાનિક યુવાનો અને આગેવાનો સફાઈ માટે મેદાનમાં ઉતરી આવ્યા હતા.

વિજલપોર વોર્ડ નંબર-૧૦ના નગરસેવક સુનિલ પાટીલ તેમજ ક્ષત્રિય સમાજના આગેવાનો અને યુવાનોએ હાથમાં પાવડા લઈને રસ્તા પર જામી ગયેલો ગુલાલ હટાવવાની કામગીરી શરૂ કરી હતી. યુવાનોએ જાતે જ સફાઈ કરતાં માર્ગ પરથી ગુલાલના થર દૂર કરવામાં આવ્યા હતા અને વાહનચાલકો માટે રસ્તો ફરી વ્યવસ્થિત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ગણેશોત્સવની ઉજવણીમાં ઉત્સાહ અને ઉમંગ સાથે રંગોની છોળો ઉડાડનાર યુવાનો દ્વારા બીજા દિવસે સફાઈની જવાબદારી પણ સ્વીકારવામાં આવતા સ્થાનિક સ્તરે તેની નોંધ લેવાઈ હતી. ઉત્સવની મોજ સાથે જાહેર સ્થળ પ્રત્યેની જવાબદારી-વિજલપોરમાં યુવાનોની આ પહેલે ઉજવણી બાદ સફાઈનો સંદેશ પણ આપ્યો હતો.

# ગણદેવીનાં કછોલી ગામે જૂની અદાવતમાં ૧૮ વર્ષીય યુવક પર ચપ્પુથી હુમલો

**ચાર** શખ્સો સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો

બીલીમોરાઃ ગણદેવી નાં કછોલી ગામના આશ્રમ ફળિયામાં રહેતો રાહુલ વિજયભાઈ હળપતિ (૧૮) શુક્રવારે સાંજે આશરે છ વાગ્યાના અરસામાં ફળિયામાં દુકાને ઠંડુ પીણું લેવા ગયો હતો. દરમિયાન ત્યાં તેનો મિત્ર જગદીશ ઉર્ફે પેટી હાજર હતો. રાહુલે તેની સાથે વાતચીત દરમિયાન 'ડીજેમાં નાચવા નથી જવાનો?' તેમ પૂછતાં ત્યાં હાજર સમથ ભીખુભાઈ હળપતિ ઉશ્કેરાઈ ગયો હતો અને રાહુલ સાથે ગાળાગાળી કરી તેને ત્યાંથી જતો રહેવા જણાવ્યું હતું.આ દરમિયાન સમથ ભીખુભાઈ, હીમેશ ઉર્ફે ગુજુ હળપતિ તથા જતીન જીતુભાઈ હળપતિએ રાહુલને પકડી તેની સાથે ઢીકમુક્કી કરી હતી. ત્યારબાદ આર્યન ઉકાભાઈ હળપતિએ ચપ્પુ વડે રાહુલ પર હુમલો કર્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આર્યને રાહુલના જમણા પડખામાં ચાર તથા ડાબા પડખામાં એક ઘા માર્યા હતા. જ્યારે જતીને પણ રાહુલના કાનના ભાગે બોથડ પદાર્થ વડે માર માર્યો હતો.

આ બનાવ અંગે રાહુલ હળપતિની ફરિયાદના આધારે ગણદેવી પોલીસે સમથ ભીખુભાઈ હળપતિ, આર્યન ઉકાભાઈ હળપતિ, જતીન જીતુભાઈ હળપતિ અને હીમેશ ઉર્ફે ગુજુ હળપતિ તમામ રહેવાસી ૪૪ ફળિયા કછોલી, સામે ગુનો નોંધ્યો છે.

# સનાતની હિન્દુઓ સિવાય કોઈને મિલકત વેચવી નહીં

**નવસારીના** વોર્ડ-૪માં મિલકત અંગેનું બોર્ડ ચર્ચામાં આવ્યું

**સ્થાનિકો** સ્વેચ્છાએ બોર્ડ લગાવે તે ગેરકાયદે નથી : પી.આઇ.નકુમ




નવસારીઃ શહેરના વોર્ડ નંબર-૪ વિસ્તારમાં મિલકતની ખરીદી-વેચાણને લઈને લગાવવામાં આવેલા એક બોર્ડને કારણે સ્થાનિક સ્તરે ચર્ચા શરૂ થઈ છે. રહેણાંક વિસ્તારના પ્રવેશદ્વાર પાસે મૂકવામાં આવેલા બોર્ડમાં વિસ્તારમાં આવેલા સતીમાતા મહાદેવના પૌરાણિક મંદિરનો ઉલ્લેખ કરી હિન્દુ (સનાતન) ધર્મના લોકો વચ્ચે જ મિલકતના વ્યવહારો કરવા અંગે અપીલ કરવામાં આવી છે. બોર્ડ પર આ બાબતે સ્થાનિક રહીશોની સર્વસંમતિનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે.

આ મામલે ડિસ્ટર્બ્ડ એરિયાઝ એક્ટની જોગવાઈઓનો ઉલ્લેખ થઈ રહ્યો છે. અશાંત વિસ્તાર તરીકે જાહેર કરાયેલા વિસ્તારોમાં મિલકતના હસ્તાંતરણ માટે કાયદા મુજબની પ્રક્રિયા અને મંજૂરીની જોગવાઈ છે. સ્થાનિક સ્તરે લગાવવામાં આવેલા બોર્ડ અને કાયદા હેઠળની સત્તાવાર જોગવાઈઓ બંને અલગ બાબતો હોવાથી સમગ્ર મામલો સંબંધિત કાયદાકીય પ્રક્રિયાના સંદર્ભમાં જોવાનો રહે છે.

નવસારી ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર કે.ડી. નકુમ દ્વારા આ અંગે જણાવાયું હોવાનું સામે આવ્યું છે કે સ્થાનિક રહીશો પોતાની સ્વેચ્છાએ આવા બોર્ડ લગાવે તે માત્રથી તેને ગેરકાયદેસર ગણાવી શકાય નહીં.

## વલસાડમાં પણ પ્રતિમા બહાર આવતા ભક્તો ચિંતાતુર



■ મેઘમહેર થમતાં ઔરંગા નદીમાં જળસ્તર નીચું ગયું હતું. જેના લીધે ભક્તિભાવપૂર્વક પધરાવવામાં આવેલી ગણેશ પ્રતિમાઓ વિસર્જન બાદ ફરી બહાર આવી જતાં શ્રદ્ધાળુઓમાં ચિંતા જોવા મળી હતી.

# SBIમાં 30 હજારથી ઓછા વ્યવહાર માટે ના પાડી દેવાઈ

**વલસાડમાં** વૃદ્ધો અને પેન્શનરોને એક જ પંખો છે તેવા સુવિધા કેન્દ્રમાં મોકલી અપાયા

**સાંકડી** ગલીમાં અસુવિધા હોવાથી હોબાળો થતાં અંતે બેંકે નિર્ણય બદલ્યો

વલસાડ : વલસાડના વીપી રોડ પર અંબામાતા મંદિર પાછળ આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખાના મનસ્વી વહીવટ સામે હોબાળો થયો હતો. જો કે, ત્યારબાદ બેંકે નિર્ણય બદલી મુખ્ય શાખામાં જ ઓછા નાણાની લેવડ દેવડ શરુ કરી દેતા મામલો થાળે પડ્યો હતો.

મળતી માહિતી મુજબ આ વિવાદ ત્યારે સપાટી પર આવ્યો જ્યારે બેંકના નિયમિત ગ્રાહક સુમનભાઈ ભટ્ટ 20,000નો ચેક વટાવવા પહોંચ્યા ત્યારે કર્મચારીઓએ તેમને પૈસા ચૂકવવાની સીધી ના પાડી દીધી હતી. તેમની સાથે આવેલા અન્ય નાગરિકોએ કર્મચારીઓના આવા અયોગ્ય વલણ સામે મોરચો માંડી વિરોધ નોંધાવ્યો હતો.

શાખાથી માંડ 200 મીટરના અંતરે અંબામાતા મંદિર સામેની ગલીમાં શરૂ કરાયેલું આ કેન્દ્ર વાસ્તવમાં 'સુવિધા'ને બદલે 'અસુવિધા કેન્દ્ર' સાબિત થઈ રહ્યું છે. આ કેન્દ્રમાં પાર્કિંગની પણ કોઈ જગ્યા નથી. માત્ર એક પંખા વચ્ચે ચાલતી આ સાંકડી જગ્યામાં વૃદ્ધો અને પેન્શનરો માટે બેસવાની પણ કોઈ સગવડ ન હોવાથી ઉંમરલાયક ગ્રાહકોને ભારે પરેશાની વેઠવી પડી રહી છે.આ સમગ્ર મામલાની વિગતો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ભારે હોબાળો મચ્યો હતો. આ અંગે બેંક મેનેજર વિનુ થોમસે બચાવ કરતા જણાવ્યું હતું કે, મુખ્ય શાખામાં ભીડ ઓછી કરવા માટે આ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## ગુજરાત વિધાનસભાના નાયબ દંડકની અધ્યક્ષતામાં હેલ્થ કેમ્પ

સાપુતારા : 'સેવા, મેરા યોગદાન' અભિયાન અંતર્ગત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને સુબીર સી. એચ. સી હોસ્પિટલ ખાતે ડાંગ જિલ્લા આરોગ્ય વિભાગ તેમજ પારમિતા ફાઉન્ડેશન અને સ્વપથ ટ્રસ્ટના સયુંકત ઉપક્રમે મેગા હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.


